**PART-B**
**Q. No. 101 to 150**

# (01) ગુજરાતી

101 ‘આજની ઘડી રળિયામણી’ ગીતના કવિ કોણ છે?
(A) સુન્દરમ્ (B) મણિલાલ હ. પટેલ (C) નરસિંહ મહેતા (D) નર્મદ

102 ‘પ્રેમનો પગરવ’ માંથી કયો પાઠ લેવામાં આવ્યો છે?
(A) દ્વિદલ (B) મહેનતની મોસમ (C) પગલે–પગલે (D) બિરબલની યુક્તિ

103 ‘એક જ દે ચિનગારી’ પ્રાર્થના કાવ્યામાં કવિ પ્રભુ પાસે શું માંગે છે?
(A) ધનવૈભવ (B) ચિનગારી (C) ચિરવિદાય (D) કુટુંબની શાંતિ

104 ‘કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !’ – આ કાવ્ય પંક્તિ કયા કાવ્યની છે?
(A) મેળામાં (B) માલમ હલેસાં માર (C) મહેનતની મોસમ (D) હિંદમાતાને સંબોધન

105 જુમો ભિસ્તી શાની ઉપર બેસીને પરણવા ગયો હતો?
(A) હાથી ઉપર (B) બળદગાડા ઉપર (C) ઘોડા ઉપર (D) વેણુ પર

106 ‘પરીક્ષા’વાર્તાના લેખકનું નામ જણાવો.
(A) કાકા કાલેલકર (B) ધૂમકેતુ (C) પન્નાલાલ પટેલ (D) પ્રવીણ દરજી

107 ‘જે વાહનમાં કરોડો, ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં મારાથી કેમ બેસાય?’ – આ વાત કયા પાઠમાં આવે છે?
(A) બે ખાનાનો પરિગ્રહ (B) બે આની (C) રમજુ મીર (D) ભીખુ

108 ગાંધીનગર કુલ કેટલા સેકટરમાં વહેંચાયેલું છે?
(A) 25 (B) 35 (C) 28 (D) 30

109 વ્યંજનસંધિ જણાવો.
(A) મહા + ઈન્દ્ર = મહેન્દ્ર (B) ભાનુ + ઉદય = ભાનૂદય
(C) વિદ્યા + અર્થી = વિદ્યાર્થી (D) સુ + ઉક્તિ = સૂક્તિ

110 વિસ્મય, વિરાટ અને વલય અચાનક શામાં જતાં રહ્યા?
(A) ટ્રેનમાં (B) બસમાં (C) પ્લેનમાં (D) બીજા ગ્રહના યાનમાં

111 જગડુશાની વખારમાં ભરેલું અનાજ કોનું છે?
(A) જગડુશાનું (B) ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુંઓનું (C) પંડિતજીનું (D) રાજાનું

112 મધ્યમપદલોપી સમાસ જણાવો.
(A) દહીંવડાં (B) અન્નપાણી (C) ગૃહસ્થ (D) મિષ્ટાન

113 રવિશંકર મહાજનનો જન્મ કયા થયો હતો?
(A) સંવત 1940 (B) સંવત 1840 (C) સંવત 1941 (D) સંવત 1841

114 નીચેનામાંથી કયું કર્મ વિભક્તિનું પદ નથી.
(A) <u>મધુથી</u> આવશે નહીં (B) દાદીમા <u>બાળકોને</u> વાર્તા કહે છે
(C) તમને લાડુ ભાવે છે? (D) તમને ભગવાને <u>ઘણું ધન</u> આપ્યું

115 વેણુનું મૃત્યું કેવી રીતે થયું હતું?
(A) બસની ટક્કર વાગવાથી (B) ઝેરી ઘાસ ખાવાથી
(C) રેલ્વેના પાટામાં પગ ભરાઈ જવાથી (D) કુવામાં પડી જવાથી

116 ખમ્મા કહેતા પાંપણ પરથી નહીં ખરેલાં આંસુ – આ કાવ્ય પંક્તિ કયા કાવ્યની છે?
(A) ચિતારો (B) તને ‘ઓળખું છું’ માં (C) દિકરો (D) આજ આનંદ

117 ભવિષ્યકૃદંત વાળું વાકય શોધો.

(A) રાંધ્યા ધન રઝળી પડયાં (B) રમેશ ચાલતો હતો

(C) જાનમાં કેટલા માણસો આવનાર છે? (D) જેની જમીને સૂઈ ગઈ છે

118 પાટણના રાજા માટે જગડુશા કેવું વિશેષણ વાપરે છે?

(A) પ્રજાવત્સલ (B) પ્રજાપતિ (C) ઉદાર (D) મુત્સદ્દી

119 નીચેનામાંથી કયો અલંકાર અર્થાલંકારનો પ્રકાર નથી.

(A) પ્રાસાનુપ્રાસ (B) વ્યાજસ્તુતિ (C) ઉપમા (D) શ્લેષ

120 સ્વ–મૂલ્યાંકન માટે યુવક કઈ યુક્તિ અજમાવે છે?

(A) પત્ર લખીને (B) બીજા લોકો પાસેથી વાત સાંભળીને (C) ફોન કરીને (D) પરીક્ષાનું પેપર આપીને

121 કવિ 'ઉપરવાળી બેંક' કોને ગણાવે છે? – ધૂળિયે મારગ કાવ્યના અનુસંધાને જણાવો.

(A) બેંક ઓફ બરોડા (B) આકાશને (C) ઈશ્વરને (D) દેના ગુજરાત ગ્રામીણ બેંકને

122 'તરજુમો'નો સમાનાર્થી શબ્દ શોધો.

(A) ઈબાદત (B) ભય (C) પ્રકૃતિ (D) ભાષાંતર

123 ઝવેરચંદ મેઘાણીએ કોને 'માણસાઈના દીવા' કહ્યા છે?

(A) વિવેકાનંદને (B) રવિશંકર મહારાજને (C) પન્નાલાલ પટેલને (D) ગાંધીજીને

124 ગુજરાતનું પાટનગર અમદાવાદથી ગાંધીનગર વસાવવાનો નિર્ણય કયારે થયો?

(A) 1960 ની 18 મી એપ્રિલે (B) 1960 ની 19 મી ઓગસ્ટે

(C) 1960 ની 19 મી માર્ચે (D) 1960 ની 20 મી માર્ચે

125 'થાય છે મારી નજર જાણે હરલા, ને રહે છે ઠેકતી એ ધાસમાં' પંક્તિ કયા અલંકારની છે?

(A) ઉપમા (B) રૂપક (C) ઉત્પ્રેક્ષા (D) સજીવારોપણ

126 ભાભી દિયરને મ્હેણું શા માટે મારે છે?

(A) પરણવા તૈયાર થતો નથી એટલે (B) ભાઈની કમાણી ઉપર જલસા કરે છે એટલે

(C) વધારે પડતો સમજદાર છે એટલે (D) બરાબર જમતો નથી એટલે

127 કનૈયાલાલ મુનશીનું મૃત્યુ કયારે થયું?

(A) 02-08-1971 (B) 08-02-1971 (C) 02-08-1973 (D) 08-02-1973

128 પુત્રી વિયોગના દુ:ખ–દર્દમાં એ જાણે કે દિશાશૂન્ય થઈ ગયો હતો આ વાકય કોના માટે વાપરવામાં આવ્યું છે?

(A) જીવરામ (B) આકકા (C) રમઝુ (D) મુંજાલ

129 'બાનો વાડો' પાઠ કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે?

(A) ગાતાં ઝરણાં (B) વેણુરવ (C) પંચમ્ (D) ઘાસનાં ફૂલ

130 'પગલે–પગલે' શૌર્યગીતના કવિ કોણ છે?

(A) નાથાલાલ દવે (B) પ્રેમાનંદ (C) સંતબાલ (D) અખો

131 'બ્રોકરના પ્રતિનિધિ એકાંકીઓ' માંથી ધોરણ-9 ગુજરાતીમાં કયો પાઠ છે.

(A) ચંદન (B) ગોવિંદનું ખેતર (C) બોધ (D) ઈતિહાસનું એક પાનું

132 'પાદર' પાઠનો કયો પ્રકાર છે?

(A) નવલીકા (B) નવલકથા (C) વાર્તા (D) નિબંધ

133 ગૌરીશંકર ગોવર્ધનરામ જોષીનું ઉપનામ શું છે?

(A) ધૂમકેતું (B) સ્નેહરશ્મિ (C) બાદલ (D) પાર્થ મહાબાહું

134 'જો ન્યાયાધીશ મને ફાંસીની સજા કરશે તો આપને એ કઈ સજા કરશે?' આ વાકય કોણ બોલે છે?

(A) નોકર (B) સેનાપતિ (C) બિરબલ (D) બદશાહ

135 'આજ આનન્દ' કાવ્યમાં ધરતીએ ઓઢયાં લીલા ચીર જો' એટલે.

(A) ધરતી લીલીછમ બની છે (B) ધરતી પર લીલી ચાદર પાથરી છે

(C) ધરતી પર લીલું વસ્ત્ર ઓઢાડયું છે (D) ધરતી પર લીલો રંગ છાંટયો છે

136 'પગ છૂટો થવો' – રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?

(A) સહન કરવું (B) હરવું–ફરવું ચાલું થવું (C) પગ કાપવો (D) માર્ગ ભૂલવો

137 "મને રોળશો માં ! ભલા થઈને મને છાંટશો મા ! તમારે પગે લાગુ !" આ પંકિતમાં કયો ભાવ રજૂ થયો છે?

(A) હુકમ (B) સૂચના (C) હઠ (D) આજીજી

138 મીરાંબાઈનો જન્મ કઈ સદીમાં થયો હતો.

(A) સત્તરમી સદી (B) અઢારમી સદી (C) સોળમી સદી (D) પંદરમી સદી

139 'મોરના ઈંડા ચીતરવા ન પડે' – કહેવતનો અર્થ

(A) મોરના ઈંડા ઉપર ચિત્ર દોરવું (B) મોરના ઈંડાને તોડી બચ્ચું બહાર લાવવું

(C) ધીરજ રાખવાથી કામ સારું થાય (D) બાળકમાં માતા–પિતાના સંસ્કાર આપોઆપ ઉતરે છે

140 'મહેનતની મોસમ' કાવ્યમાં કવિએ કઈ મોસમની વાત કરી છે.

(A) શિયાળાની (B) લણવાની (C) વસંતઋતુની (D) ચોમાસાની

141 'સુખદુઃખ કાંઈ દિલમાં નવ લ્હેતી, ઓ વ્રજનારી !' – આ પંકિત કયા કાવ્યની છે?

(A) ઓ વ્રજનારી ! (B) હાજી કાસમ, તારી વીજળી રે (C) સફળ યાત્રા (D) સંતો ! અમે રે વહેવારિયા

142 લેખકને કયું પુસ્તક ખરીદવું હતું? અઢી આના પાઠના સંદર્ભમાં જણાવો.

(A) મહાભારત (B) ગીતા (C) લઘુ કૌમુદી (D) રુદ્રી

143 'જેનું મૂલ્ય આંકી ન શકાય તેવું' શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો.

(A) અવમૂલ્ય (B) અનમૂલ્ય (C) અમૂલ્ય (D) નકામું

144 મારી કેળવણી એટલી અધૂરી હશેને ? આ વાકય કોણ કોના માટે બોલે છે?

(A) પન્નાલાલ પટેલ મનુભાઈ માટે (B) ગાંધીજી મનુબહેન માટે

(C) રઘુવીર ચૌધરી કાન્તાબહેન માટે (D) સુંદરમ્ કાન્તિભાઈ માટે

145 'જીવરામ ભટ્ટ જમવા બેઠા' પાઠમાં નીચેનામાંથી કયું પાત્ર આવતું નથી?

(A) જીવરામ (B) સોમનાથ (C) કીર્તિદેવ (D) દેવબાઈ

146 'જીવન પાથેય' પાઠમાં વપરાયેલો 'મુનસફ' શબ્દનો અર્થ શું થાય?

(A) ઈજનેર (B) મામલતદાર (C) દિવાની ન્યાયાધીશ (D) પ્રિન્સીપાલ

147 લીલાશ કોના આવવાથી મેદાનમાં આવશે?

(A) વરસાદના (B) મોરના (C) ગાયના (D) વાયરાના

148 'હાજી કાસમ તારી વીજળી રે...' કાવ્યમાં શાનું વર્ણન કરવામાં આવ્યું છે?

(A) ઘરમાં બળતી વીજળીના ગોળાનું (B) વીજળી ઘરનું

(C) 'વીજળી' નામની આગબોટનું (D) ચોમાસામાં થતી વીજળીનું

149 'ભીખું' પાઠની ઘટના કયા શહેરની છે?

(A) દ્વારકા (B) જામનગર (C) રાજકોટ (D) અમદાવાદ

150 ભાલ પંથકના તળપદા શબ્દોની વાત કયા પાઠમાં કરવામાં આવી છે?

(A) લેખણ ઝાલી નો રહી (B) લેખન ઝાલી નો રહી (C) ચિતારો (D) સૌરાષ્ટ્રની રસધારા